# અમરેલી નાગરિક સહકારી બેંકની ૬૨મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

## ગત વર્ષે રૂ. ૨૪૧.૯૭ લાખનો નફો, સતત ૨૪ વર્ષથી નેટ એન.પી.એ. શૂન્ય ટકા






અમરેલી તા.

અમરેલી નાગરિક સહકારી બેંક લિ.ની ૬૨મી વાર્ષિક સાધારણ સભા રવિવારે ઉત્સાહભેર યોજાઈ હતી. આ સભામાં ગુજરાત રાજ્ય મંત્રી કૌશિક વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, બેંકના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, ચેરમેન વનરાજભાઈ પટેલ, વાઈસ ચેરમેન કમલેશભાઈ ગરણીયા, ડિરેક્ટરો તથા સી.ઈ ઓ દિલીપ ઘોરાજીયા સહિતના આગેવાનો તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં મહેમાનોનું બેંકના મેનેજિંગ ડિરેક્ટર/સીઈઓ દિલીપ ઘોરાજીયા તથા મેનેજર સંજય રાજપરા દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન મેનેજર સંજય રાજપરાએ કર્યું હતું. સાધારણ સભામાં બેંકની ગત વર્ષની પ્રગતિનો અહેવાલ ડિરેક્ટર્સ પી.પી.સોજીત્રા દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. ૩૧ માર્ચ ૨૦૨૫ના રોજ બેંકની કુલ થાપણો રૂ. ૨૧,૪૦૨.૯૧ લાખ સુધી પહોંચી હતી. જયારે બેંકનું ધિરાણ પણ વધીને રૂ. ૧૨,૩૮૫.૭૬ લાખ થયું છે. બેંકે ગત નાણાકીય વર્ષ દરમિયાન રૂ. ૨૪૧.૯૭ લાખનો નફો નોંધાવ્યો હોવાનું જણાવાયું હતું.

બેંકની નાણાકીય સ્થિતિ અંગે જણાવાયું હતું કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ધોરણો મુજબ જરૂરી ઝઈછઈ કરતાં બેંકનો CRAR ૨૯.૩૦ ટકા રહ્યો છે. બેંકનું નેટ એન.પી.એ. સતત ૨૪ વર્ષથી શૂન્ય ટકા રહ્યું છે, જ્યારે ગ્રોસ એન.પી.એ. ૨.૭૩ ટકા હોવાનું જણાવાયું હતું. બેંક દ્વારા ગ્રાહકોને ઉત્તમ સેવા આપવા તેમજ થાપણો અને ધિરાણમાં સતત વૃદ્ધિ માટે કામગીરી કરવામાં આવી રહી છે. બેંકના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાના માર્ગદર્શન હેઠળ બેંકના રિકવરી ઓફિસર અજયભાઈ નાકરાણી તથા તેમની ટીમ દ્વારા બેંકની રિકવરી કામગીરી અંગે પણ માહિતી આપવામાં આવી હતી.ગ્રાહકોની સુવિધા માટે બેંકે ICICI Bank Ltd. સાથે ટાઈઅપ કરીને RuPay પ્લેટફોર્મ મારફતે ATM કમ ડેબિટ કાર્ડની સુવિધા શરૂ કરી છે. આ કાર્ડ દ્વારા ATM ઉપરાંત મોલ, પેટ્રોલપંપ, દુકાનો વગેરે સ્થળોએ POS મશીન મારફતે ખરીદી કરી શકાશે. મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન દ્વારા RTGS, NEFT, IMPS, BANL સહિતની ઓનલાઈન સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આગામી સમયમાt UPI પેમેન્ટની સુવિધા માટે ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક સાથે ટાઈઅપ કરીને ઊઈ કોડ આધારિત પેમેન્ટ સેવા ઉપલબ્ધ કરાવવાની પણ માહિતી આપવામાં આવી હતી. સાથે જ જીસ્જી/મિસ્ડ કોલ સુવિધા, આધુનિક વેબસાઈટ, ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર, ફિક્સ ડિપોઝિટ ઓટો રિન્યુઅલ અને ઈ-સ્ટેટમેન્ટ જેવી વિવિધ સેવાઓ દ્વારા ગ્રાહકોને વધુ સુવિધા આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.બેંકના ગ્રાહકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઓનલાઈન વ્યવહારોમાં સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી હતી. બેંકના ગ્રાહકોને કોઈ શંકાસ્પદ વ્યવહાર જણાય તો તાત્કાલિક બેંકનો સંપર્ક કરવા તેમજ જરૂરી સુરક્ષા પગલાં લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.અમરેલી નાગરિક સહકારી બેંક માત્ર બેંકિંગ કામગીરી પૂરતી મર્યાદિત ન રહેતા સામાજિક જવાબદારીના કાર્યોમાં પણ સક્રિય રહે છે. બેંકની પ્રગતિમાં યોગદાન આપનાર તમામ સભાસદો, ગ્રાહકો, કર્મચારીઓ અને શુભેચ્છકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ૧૯ ઓગસ્ટ, "વિશ્વ માનવતાવાદી દિવસ":હું માનવી માનવ થાઉં તો ઘણું



૧૯૮૦ નાં દાયકાથી "વિશ્વ માનવતાવાદી દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય માનવતાવાદી દિવસ એ જે માનવતાવાદી કર્મચારીઓએ માનવતાવાદી કારણોસર પોતાનું જીવન ગુમાવ્યું હોય તેમને સમર્પિત છે. તેનો મુખ્ય ઉદ્દેશ વિશ્વમાં હ્યુમનિસ્ટ્સને ધ્યાનમાં રાખીને, વિશ્વમાં હકારાત્મકતા લાવવા માટે માનવતાવાદ વિશેની સભાનતા પ્રગટાવવાનો છે. યુએનના બગદાદના મુખ્ય મથક પર બોમ્બ ધડાકામાં વિએરા ડી મેલો અને તેના ૨૧ સાથી એવા માનવતા ચિકિત્સકોનાં મોતને યાદ કરવા માટે સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા ૧૯મી ઓગસ્ટનાં દિવસે "વિશ્વ માનવતાવાદી દિવસ" ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. વિશ્વનાં ઘણા લોકો ભૂખમરો અને રોગગ્રસ્ત સ્થળોએ જીવન જીવનારા લોકો માટે સમાજમાં વધુ સારું સ્થાન બનાવવા માટે કાર્ય કરે છે, હ્યુમનિટેરિયન ડે એવા જ માનવતાવાદી કામદારોને શ્રદ્ધાંજલિ આપવાનો એક પ્રસંગ છે જે વિશ્વભરમાં યુદ્ધો અને કુદરતી આફતોનાં ભોગ બનેલા લોકોને મદદ કરવા તેમના જીવનને જોખમમાં નાખે છે. જેણે જીવનમાં ઓછામાં ઓછો એક વાર દરેક જરૂરિયાતમંદોને મદદ કરી છે.

કોઈપણ દેશમાં કોઈપણ ધર્મમાં કોઈપણ વિદ્યામાં, ચિકિત્સા શાસ્ત્રોમાં માનવ/મનુષ્ય એ જ મુખ્ય કેન્દ્રમાં છે અને માનવતા એ જ મોટો ધર્મ છે. દરેક વિજ્ઞાન, ચિકિત્સા શાસ્ત્રો, રાજકીય સ્થિતિ વગેરેનું કેન્દ્ર- માનવ જીવન અને તેને જીવન સારી રીતે જીવવાની દૃષ્ટિ વગેરે માનવની સુખ- શાંતિ માટે જ છે. એ માનવને માનવતા શીખવવા તેનાં સ્વાસ્થ્યની રક્ષા કરવા તેના માનસને સાત્ત્વિક બનાવવા ધર્મશાસ્ત્રો ચિકિત્સા રાગો- અન્ય તમામ વિજ્ઞાન વગેરેનું સર્જન થયેલ છે. દરેક કાર્યોમાં માનવ જ મુખ્ય છે. તેના આધારે જ જગતમાં ધાર્મિક્તા, સત્યતા, સદભાવના, સૃષ્ટિનો વિકાસ સૃષ્ટિનું બંધારણ સહયોગ બની રહ્યો છે. "પરસ્પર દેવોભવ માનવ" માનવ માનવતા રાખી એક બીજામાં દેવના દર્શન કરે તો પ્રભુ-પરમાત્મા રાજી રહે. અખા ભગત કહેતા કે, 'તું જ તારો ગુરૂ થા.' ભગવાન પ્રિય માનવની શોધમાં જયારે નરેન્દ્રનાથે શ્રી રામકૃષ્ણ પરમહંસને પૂછયું કે 'તમે ભગવાનને જોયા છે? ત્યારે પરમહંસે 'હા' કહી તે વખતે નરેન્દ્રનાથે પૂછયું'કેવી રીતે ?', 'જેવી રીતે તને જોઉ છું તે રીતે.' રામકૃષ્ણ દેવનાં આ શબ્દોમાં માનવતાનાં અનુભવનો રણકો હતો. તેથી નરેન્દ્રનાથ પીગળી ગયા અને સ્વામી વિવેકાનંદ પ્રગટી ગયા. ભગવત ગીતાનું એક સૂત્ર આપણે સહુને હૈયામાં રાખવા જેવું છે કે 'ઈશ્વર સર્વભૂતના હૃદયે અર્જુન તિષ્ઠતિ' ઈશ્વર દરેક માનવની માનવતાનાં હૃદયમાં રહેલો છે. આમ દરેક દેશ-વિદેશમાં દરેક ધાર્મિકતામાં, દરેક શાસ્ત્રોમાં, દરેક વિજ્ઞાનમાં માનવ જ મુખ્ય છે અને માનવતા એ તેનો મુખ્યધર્મ છે.

# સાવરકુંડલા-લીલીયા-સુરત વચ્ચે સ્લીપર એસ.ટી. બસનો પ્રારંભ કરાવતા ધારાસભ્ય

## મુસાફર વર્ગમાં ખુશીનો માહોલ




(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના નાગરિકોની લાંબા સમયની માંગણી સંતોષતા, સાવરકુંડલા-લીલીયા-અમરેલીથી સુરત રૂટની નવી સ્લીપર એસ.ટી. બસ સેવાનો ભવ્?ય શુભારંભ લીલીયા ખાતે થી ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ્ હસ્તે અને સાવરકુંડલા ડેપો મેનેજર વિમલ નથવાણી, તેમજ જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણીની અને અનેક કાર્યકરોની વિશેષ ઉપસ્થિતિમાં બસને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવી હતી. આ બસ સાવરકુંડલાથી રાત્રીના ૮:૩૦ કલાકે ઉપડશે જે વાયા લીલીયા,અમરેલીથી લાઠી, ઢસા, ગઢડા, બોટાદ, સાળંગપુર, ધંધુકા, વડોદરા, ભરૂચ, અંકલેશ?વર થઈને સુરત પહોચશે. જયારે સુરતથી આ બસ સેવા પરત આવવા માટે રાત્રિના ૯:૩૦ કલાકે આ બસ સેવા મળશે આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, 'લીલીયા અને આજુબાજુના વિસ્તારમાંથી મોટા પ્રમાણમાં લોકો વેપાર, રોજગાર અને અન્?ય કામકાજ અર્થે સુરત અવરજવર કરતા હોય છે. આ નવી સ્લીપર એસ.ટી. બસ સેવા શરૂ થવાથી રત્ન કલાકારો, વેપારીઓ અને સામાન્ય જનતા માટે સુરત સુધીની મુસાફરી વધુ સરળ, આરામ દાયક અને સુવિધાજનક બની રહેશે. આ બસ સેવા નો શુભારંભ થતા સ્થાનિક આગેવાનો દ્વારા ધારાસભ્ય અને એસ.ટી વિભાગનો આભાર વ્યક્તત કર્યો હતો અને પેંડા વેચી મો મીઠું કરાવી ખુશી વ્યક્તત કરવામાં આવેલ હતી.

# ઉનાના સામતેર હાઈસ્કૂલમાં ૭૦મી જિલ્લા કક્ષાની ખો-ખો સ્પર્ધા



કૈલૈશ ભટ્ટ ઉના:

સામતેર ગ્રામ પંચાયત સંચાલિત હાઈસ્કૂલ ખાતે ૭૦મી શાળાકીય (જીચ્હૈં) જિલ્લા કક્ષાની ખો-ખો બહેનોની રમતગમત સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં જિલ્લાભરમાંથી આવેલી વિવિધ શાળાઓની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કુલ ૧૪૪ દીકરીઓએ મેદાન પર પોતાની રમતનું પ્રદર્શન કર્યુંહતું.

સ્પર્ધાના અંતે અલગ-અલગ વયજૂથમાં રસાકસીભર્યા મુકાબલા બાદ પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. અંડર-૧૭ વયજૂથમાં ઉનાની ટીમે પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જયારે ગીર ગઢડાની ટીમ દ્વિતીય સ્થાને રહી હતી.અંડર-૧૯ વયજૂથમાં ગીર ગઢડાની ટીમ પ્રથમ નંબરે વિજેતા બની હતી, જયારે વેરાવળની ટીમે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વિજેતા બનેલી ટીમો હવે આગામી સમયમાં યોજાનારી રાજયકક્ષાની ખો-ખો સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ જિલ્લા કક્ષાના રમતગમત મહોત્સવને સફળ બનાવવા માટે સામતેર ગ્રામ પંચાયતના સરપંચ શ્રી લખનભાઈ જાદવ, પૂર્વ સરપંચ શ્રી કાળુભાઈ સોલંકી તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાના રમતગમત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા અમરેલી જિલ્લા દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

કેરળ રાજ્યમાં સ્વાતંત્રવીર વિનાયક દામોદર સાવરકરને સંબંધિત કવિઝમાં પ્રશ્ન પૂછવા બાબતે શિક્ષક ગુરુપ્રસાદની ફરજ મોકૂફી તાત્કાલિક અસરથી રદ કરી પૂન: સ્થાપિત કરવા બાબતે દેશના પ્રધાનમંત્રી, કેરળ રાજ્યના રાજયપાલ અને મુખ્યમંત્રીને અમરેલી જિલ્લા કલેકટર મારફતે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સાબરકાંઠા જિલ્લાની હસનપુર પ્રાથમિક શાળામાં PM POSHAN - મધ્યાહન ભોજન યોજના અંતર્ગત શિક્ષકની ફરજમુક્તિ તથા અન્યત્ર થયેલ બદલીના હુકમની અને આચાર્યને આપવામાં આવેલ ચાર્જશીટના આદેશની પૂન: વિચારણા કરી બંને હુકમો રદ કરવા તથા તે શિક્ષકને તેમની મૂળ ફરજના સ્થળે પુન:સ્થાપિત કરવા બાબતે પણ આ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા અમરેલી જિલ્લા કલેકટર મારફતે ગુજરાત રાજયના મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત પ્રાંત વરિષ્ઠ ઉપાધ્યક્ષ, ભાભલુભાઈ વરુ, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ આચાર્ય સંવર્ગ પ્રાંત વરિષ્ઠ ઉપાધ્યક્ષ, રામભાઈ કેશવાલા, અમરેલી જિલ્લા અધ્યક્ષ પ્રાથમિક સંવર્ગ, વિજયભાઈ મકવાણા, તેમજ મનીષભાઈ અગ્રાવત, નિલેશભાઈ ગોઠડીયા, આશિષભાઈ ચૌહાણ, આપાભાઈ માંજરીયા, અલ્પેશભાઈ કાકડિયા, હિતેષભાઈ ખીમાણી, સુરેશભાઈ ટાંક, મુકેશભાઈ નાકરાણી, ભ્રમિતસિંહ ચૌહાણ,અશ્વિનભાઈ ચાવડા, અંજુબેન ટીમ્બડીયા, સુરેશભાઈ રાજપરા, ઘનશ્યામભાઈ સોળીયા, આદિત્યભાઈ ત્રિવેદી,કુલદીપભાઈ દેવમુરારી ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના તપોવન આશ્રમ નજીક બે સિંહોની લટાર

## લીલાછમ વાડી વિસ્તારમાં બે નર સિંહો દેખાયા; દશ્યો કેમેરામાં કેદ



કૈલૈશ ભટ્ટ ઉના:

ગીર જંગલ વિસ્તારને અડીને આવેલા ઉના-ગીરગઢડા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહોની અવરજવર વધતાં શનિવારે ઉના શહેરથી ૬ કિલોમીટર દૂર તપોવન આશ્રમ નજીકના વાડી વિસ્તારમાં એકસાથે બે નર સિંહો મુક્તપણે ફરતા જોવા મળ્યા હતા. તપોવન આશ્રમ પાસેના સીમ વિસ્તારમાં સિંહો પહોંચ્યાની જાણ થતાં આસપાસના સિંહપ્રેમીઓ સ્થળ પર પહોંચી ગયા હતા. આ દરમિયાન એક સિંહપ્રેમીએ પોતાના મોબાઈલ કેમેરામાં બંને નર સિંહોની લટારના દશ્યો કેદ કર્યા હતા, જેને લીધે લોકોમાં કુતૂહલ જોવા મળ્યું હતું.

ગ્રામ્ય વિસ્તારોમાં સિંહોનો કાયમી વસવાટ વધ્યો ગીર સરહદી ઉના પંથકના ગામડાઓમાં સિંહોની અવરજવર હવે સામાન્ય બની ગઈ છે. વાડી વિસ્તારોમાં ઘણા સમયથી સિંહોએ કાયમી વસવાટ શરૂ કર્યો હોવાથી ખેડૂતો અને ગ્રામજનો માટે સાવચેતી રાખવી જરૂરી બની છે.

તપોવન આશ્રમ તથા આસપાસના સીમ વિસ્તારોમાં સિંહોના આંટાફેરા વધતાં વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ કરવામાં આવે અને ગ્રામજનોને સલામતી અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે તેવી માગ ઊઠી છે.

# દામનગર પાલિકા દ્વારા સંગીત સંધ્યા,નવોદિત પાંગરતી પ્રતિભા પ્રોત્સાહિત

અમરેલી:

દામનગર નગર પાલિકા ની શિક્ષણ સમિતિ દ્વારા શેઠ શ્રી એમ સી મહેતા હાઈસ્કુલ માં નવોદિત પ્રતિભા ને પ્લેટ ફોમ દામનગર નગરપાલિકા સંચાલિત શેઠ શ્રી એમ સી મહેતા હાઈસ્કુલ પરિસર માં ૧૫ મી ઓગસ્ટ ની રાત્રિ એ કલા પ્રતિષ્ઠાન નું સુંદર આયોજન કરાયું હતું નવોદિત પાંગરતી પ્રતિભા ઓને વિશિષ્ટ કલા ગાયન વાદન માટે પ્રોતાહિત કરતો કાર્યક્રમ દામનગર પાલિકા ના શિક્ષણ સમિતિ ના નેજા હેઠળ યોજાયો હતો

## અવસાન નોંધ:

અમરેલી: મુળ ધારી તાલુકાના દેવળા ગામનાં વતની અને હાલ ડોમ્બીવલી (મુંબઈ) રહેતા મહેશભાઈ નંદલાલ રૂપારેલિયા (ઉ.વ.૫૪) તે સ્વ. નંદલાલ નાથાલાલ રૂપારેલિયાના પુત્ર બિપીનભાઈ (દેવળા) તથા ગુણવંતભાઈ ના નાનાભાઈ તથા વત્સલભાઈના પિતાજીનું તા.૧૮ ના રોજ અવસાન થયેલ છે.

# અમરેલીના ગજેરા કેમ્પસમાં ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી

## "શ્રેષ્ઠ શિક્ષણ, સારા સંસ્કાર, શિસ્ત અને મહેનતથી વિદ્યાર્થીઓ સર્વાંગી વિકાસ તરફ આગળ વધે" : પ્રમુખ વસંત ગજેરા







(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી સ્થિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ –વિદ્યાસભા સંચાલિત પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા, ગુજરાતી, અંગ્રેજી તથા મિશ્ર માધ્યમ, જ્ઞાન શક્તિ રેસીડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ, જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ તેમજ કોલેજના સંયુક્ત ઉપક્રમે દેશના ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય અને ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત ભોજલધામ ફતેપુરના મહંતશ્રી પૂ. ભક્તિરામ બાપુના હસ્તે ધ્વજવંદન સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, અગ્રણી ઉદ્યોગપતિ વસંતભાઈ મોવલિયા, સુરતથી પધારેલા ભવાનભાઈ, રમેશભાઈ કાથરોટિયા, દિનેશભાઈ ભુવા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ગજેરાએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, સ્વાતંત્ર્યનો સાચો અર્થ માત્ર સ્વતંત્રતા માણવામાં નહીં, પરંતુ શ્રેષ્ઠ શિક્ષણ, સારા સંસ્કાર, શિસ્ત અને સતત મહેનત દ્વારા પોતાના સર્વાંગી વિકાસમાં રહેલો છે. આજના વિદ્યાર્થીઓ આવતીકાલના ભારતનું ભવિષ્ય છે. વિદ્યાર્થીઓ યોગ્ય દિશામાં આગળ વધશે અને શ્રેષ્ઠ સમાજનું નિર્માણ કરશે, તો જ રાષ્ટ્ર પ્રગતિના નવા શિખરો સર કરશે. તેમણે તમામ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

પૂ.ભક્તિરામ બાપુએ આશીર્વચનમાં જણાવ્યું હતું કે, ભારતની આઝાદી માટે અનેક મહાનુભાવો અને સ્વાતંત્ર્ય સેનાનીઓએ પોતાના જીવનનું બલિદાન અને અવિરત પરિશ્રમ આપ્યો છે. તેમના ત્યાગ અને બલિદાનને હંમેશા યાદ રાખી, દરેક નાગરિકના હૃદયમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જાગૃત રહે અને દેશસેવા માટે હંમેશા તત્પર રહે તેવી શુભેચ્છા તેમણે પાઠવી હતી.

કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખુંટ, ટ્રસ્ટીઓ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, કોલેજ વિભાગમાંથી અતુલભાઈ પટેલ, વિવિધ વિભાગોના પ્રિન્સિપાલો, સુપરવાઈઝરો, તેમજ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

ગજેરા કેમ્પસ પરિવારની વિવિધ શાળાઓ, કોલેજ અને હોસ્ટેલના સમગ્ર સ્ટાફે સોંપાયેલી જવાબદારીઓનું સુચારુ આયોજન કરી કાર્યક્રમને સફળ બનાવવા અથાગ મહેનત કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમથી ઓતપ્રોત વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી, જેને ઉપસ્થિત મહાનુભાવો, વાલીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર વધાવી હતી.

વિદ્યાર્થીઓ અને વાલીઓએ કાર્યક્રમને સ્વાતંત્ર્ય પર્વની યાદગાર ઉજવણી ગણાવી આનંદ વ્યક્ત કર્યો હતો. ગજેરા કેમ્પસમાં રાષ્ટ્રીય પર્વો તથા દરેક નાના-મોટા કાર્યક્રમોને પણ આયોજનબદ્ધ રીતે ભવ્યતા અને શ્રેષ્ઠતા સાથે ઉજવવામાં આવે છે, તે બદલ ઉપસ્થિત સૌએ સંસ્થા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

# વિશ્વ ફોટોગ્રાફી દિવસ: એક ક્લિકમાં કંડારાઈ દેશભક્તિ, સૌહાર્દ અને એકતાની ક્ષણ



૧૯મી ઓગસ્ટ એટલે 'વિશ્વ ફોટોગ્રાફી દિવસ' એક એવો અવસર જે સમયને થંભાવીને સંવેદનાઓને જીવંત રાખતી કેમેરાની કળાને બિરદાવે છે. કહેવાય છે કે, એક ઉત્તમ તસવીર હજાર શબ્દોની અનુભૂતિ કરાવી શકે છે. જયારે એ તસવીર દેશપ્રેમના ઉત્સવની હોય, ત્યારે તે કાયમ માટે ઈતિહાસના પાના પર અમર થઈ જાય છે. હાલમાં જ ૮૦મા સ્વતંત્રતા પર્વની ઉજવણી અંતર્ગત રાજકોટ શહેરમાં યોજાયેલી ભવ્ય 'તિરંગા યાત્રા' દરમિયાન કેમેરામાં કંડારાયેલી આ તસવીર ફોટોગ્રાફી કળા અને રાષ્ટ્રભાવનાનું અદ્ભુત દ્રષ્ટાંત પૂરું પાડે છે.

આ તસવીર પેઢીઓનો અનોખો સંગમ અને અખંડ ભારતની સંસ્કૃતિ ઉજાગર કરે છે. એક તરફ વયોવૃદ્ધ વડીલના હાથમાં દેશની આન, બાન અને શાન સમો લહેરાતો તિરંગો છે, તો બીજી તરફ તેમના ખોળામાં રહેલું બાળક ઉજ્જવળ ભવિષ્યની ઝાંખી કરાવે છે. વડીલના ચહેરા પર છલકાતો સંતોષ અને બાળકોની આંખોમાં તિરંગા પ્રત્યેનું આકર્ષણ દર્શાવે છે કે રાષ્ટ્રપ્રેમના સંસ્કાર પેઢી દર પેઢી વણાયેલા છે.વિશ્વ ફોટોગ્રાફી દિવસના આ ખાસ પ્રસંગે, સમાજની અસંખ્ય સંવેદનશીલ અને પ્રેરણાદાયી ક્ષણોને પોતાના કેમેરાના લેન્સમાં કેદ કરીને જન-જન સુધી પહોંચાડતા તમામ પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક તથા ડિજિટલ મીડિયાના ફોટો પત્રકારો અને કેમેરામેન મિત્રોને પ્રાદેશિક માહિતી કચેરી- રાજકોટ તરફથી હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવે છે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

# સ્થાનિક પોલીસને ઊંઘતી રાખીને જાફરાબાદ નજીક જુગારધામ પર SMCનો દરોડો, ૧૫ શખ્સો જૂગટુ ખેલતા ઝડપાયા



અમરેલી:
રાજ્યમાં દેશી-વિદેશી દારૂ અને ખનીજચોરો બાદ હવે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે જાફરાબાદ નજીક વાપાળીયા વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારના અડ્ડા પર રેડ પાડી હતી. સ્થાનિક પોલીસને ઊંઘતી રાખીને પાડેલા દરોડાથી જુગારીઓની સાથે પોલીસ તંત્રમાં પણ ફફડાટ ફેલાઈ ગયો છે. અહીં રૂા. ૩.૨૮ લાખના મુદ્દામાલ સાથે ૧૫ શખ્સો ઝડપાયા હતા.

જાફરાબાદના વાપાળીયા વિસ્તારમાં આવેલા એક રહેણાંક મકાન પાસેની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ભેગા મળીને જુગાર રમી રહ્યા હોવાની સ્ટેટ મોનિટરિંગ સેલના પીઆઈ આર.કે. કરમટાને બાતમી મળતા તેમની ટીમ સાથે વોચ ગોઠવીને સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. એસએમસીની ટીમે સ્થળ પરથી રોકડ રકમ રૂા. ૧,૬૧,૬૦૦, ગંજીપત્તા, મોબાઈલ ફોન તેમજ ૩ વાહનો સહિત કુલ રૂા. ૩,૨૮,૫૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સાથે અહીં જુગાર રમતા પકડાયેલા ૧૫ શખ્સો વિરુદ્ધ જાફરાબાદ પોલીસ સ્ટેશન ખાતે જુગારધારા મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે, છેલ્લા કેટલાક સમયથી અહીં જુગારધામ ચાલતું હતું. જેમાં ખાસ કરીને શ્રમિકો-ખેડૂતો પૈસાની હારજીતનો જુગાર રમવા માટે આવતા હતા. સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે સરાજાહેર ચાલતો જુગારનો અડ્ડો પકડી પાડતા સ્થાનિક પોલીસની પેટ્રોલિંગ સહિતની કામગીરી અને કાર્યનિષ્ઠા સામે સવાલ ઉભા થયા છે. જુગારધામમાં પકડાયેલા જાફરાબાદના ૧૫ શખ્સો:(૧) અશોક બાબુ બારૈયા (ઉ.વ.૩૭, રહે. ખેડેરા વાડી વિસ્તાર),(૨) કાનજી ભીમા મકવાણા (ઉ.વ.૪૫, રહે. વાપાળીયા વિસ્તાર),(૩) તાહિર યુસુફ બાબર (ઉ.વ.૩૪, રહે. વાપાળીયા વિસ્તાર),(૪) રાકેશ જીવા મકવાણા (ઉ.વ.૨૭, રહે. ખેડેરા વાડી વિસ્તાર),(૫) રાજુ રામજી રાઠોડ (ઉ.વ.૩૫, રહે. વાપાળીયા વિસ્તાર),(૬) ગોપાલ ખોડા મકવાણા (ઉ.વ.૨૬, રહે. ખેડેરા વાડી વિસ્તાર),(૭) ભાયા ચિનુ મકવાણા (ઉ.વ.૨૬, રહે. વાપાળીયા વિસ્તાર),(૮) રાજેશ કાના બારૈયા (ઉ.વ.૫૦, રહે. કોળી વાડા, આકા શેરી),(૯) સંજય કાળુ બારૈયા (ઉ.વ.૩૭, રહે. મોચીવાડા પ્લોટ વિસ્તાર),(૧૦) રામદાસ ઉકા સોલંકી (ઉ.વ.૩૨, રહે. સામાકાંઠા વિસ્તાર),(૧૧) ભીમજી સરમણ બારૈયા (ઉ.વ.૩૮, રહે. વિવેકાનંદ સોસાયટી),(૧૨) જયમલ ભવન બારૈયા (ઉ.વ.૨૮, રહે. ખેડેરા વિસ્તાર),(૧૩) કાનજી નાગર બારૈયા (ઉ.વ.૩૭, રહે. વાપાળીયા વિસ્તાર),(૧૪) લક્ષ્મણ પાંચા બારૈયા (ઉ.વ.૩૬, રહે. વાપાળીયા વિસ્તાર),(૧૫) ચંદ્રકાંત રામજી બારૈયા (ઉ.૫૭, રહે. મામલતદાર ક્વાર્ટર્સ સામે).

# દીવમાં ૨૫ વર્ષીય યુવતીનું શંકાસ્પદ મોત:પ્રેમીની અટકાયત

## પરિવારનો મોબાઈલ-દસ્તાવેજ ગુમ હોવાનો આક્ષેપ

(કૈલેશ ભટ્ટ દ્વારા) ઉના:
દીવના વણાંકબારા વિસ્તારમાં આવેલી ટાંકીવાડીમાં ૨૫ વર્ષીય બ્યુટી પાર્લર સંચાલિકા જસ્મીનાનું શંકાસ્પદ સંજોગોમાં મોત થયું છે. આ મામલે યુવતીના પરિવારજનોએ પ્રેમી સામે આક્ષેપ કરતાં પોલીસે યુવતીના પ્રેમીની અટકાયત કરી વધું તપાસ હાથ ધરી છે.પરિવારના જણાવ્યા અનુસાર, જસ્મીના અને વણાંકબારા મીઠીવાડીના રહેવાસી કાર્તિક વચ્ચે છેલ્લા ત્રણ વર્ષથી પ્રેમસંબંધ હતો. આ સંબંધને કારણે બંને પરિવારો વચ્ચે અગાઉ પણ ઘણી વખત બોલાચાલી અને ઝઘડા થયા હતા. જસ્મીનાના પરિવારજનોએ તેને કાર્તિક સાથે સંબંધ ન રાખવા સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.



જસ્મીનાના પરિવારનો આક્ષેપ છે કે, કાર્તિક રાત્રિના સમયે જસ્મીનાને મળવા આવતો હતો અને પાડોશમાં લાગેલા સીસીટીવી કેમેરાથી બચવા માટે અન્ય રસ્તાનો ઉપયોગ કરતો હતો. પરિવારના કહેવા મુજબ, ઘટનાની રાત્રે પણ કાર્તિક ત્યાં હાજર હતો. પરિવારજનોએ જસ્મીનાનો મોબાઈલ ફોન અને કેટલાક જરૂરી દસ્તાવેજો ઘટનાસ્થળેથી ગુમ હોવાનો પણ આક્ષેપ કર્યો છે.

દીવ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે દીવ હોસ્પિટલ મોકલી આપ્યો છે. ઘટનાસ્થળને સીલ કરીને મૃતક અને તેના પ્રેમીના મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યા છે.

કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગીર સોમનાથ FSLની મદદથી વૈજ્ઞાનિક તપાસ અને જરૂરી પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

પોલીસે કાર્તિકની અટકાયત કરીને તેની પૂછપરછ શરૂ કરી છે. ઘટનાની રાત્રે કાર્તિકે કોને-કોને ફોન કર્યા હતા તેની વિગતો મેળવીને સંબંધિત લોકોની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. જસ્મીનાના મોતનું સાચું કારણ પોસ્ટમોર્ટમ અને હ્લજી઼ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે.

# વેરાવળના ઈણાજ ગામે વાડીમાંથી ૧૭ ફૂટનો અજગર જોવા મળ્યો



ગીર સોમનાથ:
ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ઈણાજ ગામે એક વાડીમાંથી આશરે ૧૭ ફૂટ લાંબો મહાકાય અજગર મળી આવ્યો હતો. ગૌશાળા પાછળ આવેલી આ વાડીના માલિક માલદે પટાટે વિશાળકાય અજગર જોતા તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી.માહિતી મળતા જ વેરાવળ વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે વાડીમાં તપાસ કરતા અજગર નજરે પડ્યો હતો. ત્યારબાદ ટ્રેકર ટીમની મદદથી અજગરને સુરક્ષિત રીતે પકડવા માટે રેસ્ક્યૂ કામગીરી હાથ ધરવામાં આવી હતી.અજગરનું કદ વિશાળ હોવાથી રેસ્ક્યૂ કામગીરી પડકારજનક બની હતી. વન વિભાગના કર્મચારીઓ અને ટ્રેકર ટીમે ભારે જહેમત અને સાવચેતીપૂર્વક કામગીરી કરીને આશરે ૧૭ ફૂટ લાંબા અજગરને સુરક્ષિત રીતે પકડ્યો હતો. રેસ્ક્યૂ દરમિયાન અજગરને કોઈ ઈજા ન થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી.રેસ્ક્યૂ બાદ અજગરને વન વિભાગની ટીમ દ્વારા સુરક્ષિત સ્થળે લઈ જવામાં આવ્યો હતો. તેની પ્રાથમિક સારવાર અને જરૂરી તપાસ કર્યા બાદ વન વિભાગની નિયમિત પ્રક્રિયા મુજબ તેને યોગ્ય કુદરતી જંગલ વિસ્તારમાં સહીસલામત છોડવામાં આવશે.આ સમગ્ર રેસ્ક્યૂ કામગીરીમાં વેરાવળ વન વિભાગના એચ.એમ. મેર, ડી.બી. ચૌધરી સહિત ટ્રેકર ટીમના સભ્યોએ મહત્વની ભૂમિકા ભજવી હતી.ચોમાસાની ઋતુ દરમિયાન વન્યજીવો અને સરિસૃપો ઘણીવાર રહેણાક તેમજ ખેતીવાડી વિસ્તારોમાં જોવા મળતા હોય છે. આવા સમયે લોકોએ ગભરાયા વિના કે ઉત્સુકતામાં આવીને વન્યજીવને જાતે પકડવાનો પ્રયાસ ન કરવો જોઈએ.

# વંદે ભારત ટ્રેન તો શરૂ થઈ, હવે અમરેલીથી ચિતલ રેલવે સ્ટેશન સુધી એસ.ટી. બસ ક્યારે શરૂ થશે ?

## વંદે ભારત ટ્રેનના સમય સાથે સવાર-સાંજ સીધી ચિતલ રેલવે સ્ટેશન સુધી બસ સેવા શરૂ કરવા માંગ

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:
શ્રાવણ માસના પ્રથમ સોમવારથી વેરાવળ સાબરમતી વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ થતાં અમરેલી શહેર અને આસપાસના મુસાફરોમાં ખુશી છવાઈ ગઈ છે. ત્યારે આ ટ્રેનનો મહત્તમ લાભ મુસાફરો લઈ શકે તે માટે અમરેલીથી ચિતલ રેલવે સ્ટેશન સુધી સવાર અને સાંજના ટ્રેનના સમયને અનુરૂપ સીધી એસ.ટી. બસ સેવા તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી વ્યાપક માંગ ઉઠી છે.

અમરેલી શહેરમાં હાલ બ્રોડગેજ તેમજ મીટરગેજ રેલવે સેવા ઉપલબ્ધ ન હોવાથી અમરેલી અને આસપાસના મુસાફરોને રેલવે મુસાફરી માટે ચિતલ જેવા નજીકના રેલવે સ્ટેશન સુધી પહોંચવા માટે ખાનગી વાહનો કે અન્ય વિકલ્પોનો સહારો લેવો પડે તેમ છે. આવી સ્થિતિમાં ચિતલથી વંદે ભારત જેવી ઝડપી રેલવે સેવા શરૂ થઈ હોવાથી અમરેલીવાસીઓને તેનો મહત્તમ લાભ મળી શકે તે માટે સીધી એસ.ટી. બસ સેવા તાત્કાલિક શરૂ કરવામાં આવે.

આગામી સમયમાં વેરાવળથી ધાર્મિક નગરી હરિદ્વાર સુધી પણ ટ્રેન સેવા શરૂ થવાની છે. ત્યારે આ ટ્રેનના સમયને અનુરૂપ પણ અમરેલીથી ચિતલ સુધી એસ.ટી. બસ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવે તો અમરેલી સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોના મુસાફરોને મોટી રાહત મળી શકે તેમ છે.

એક તરફ રેલવે દ્વારા નવી ટ્રેનો શરૂ કરવામાં આવી રહી છે, જ્યારે બીજી તરફ અમરેલી શહેરને રેલવે સેવા સાથે જોડતી પૂરક પરિવહન વ્યવસ્થા ઊભી કરવામાં આવતી નથી. પરિણામે નવી રેલવે સેવાનો લાભ લેવા ઈચ્છતા સામાન્ય મુસાફરો માટે મુશ્કેલી યથાવત્ રહે છે.

ત્યારે અમરેલીથી ચિતલ રેલવે સ્ટેશન સુધી વંદે ભારત અને આગામી હરિદ્વાર ટ્રેનના સમય સાથે સુસંગત રીતે સવાર-સાંજ એસ.ટી. બસ શરૂ કરવામાં આવે તો વિદ્યાર્થીઓ, નોકરિયાતો, વેપારીઓ, દર્દીઓ તેમજ ધાર્મિક અને અન્ય પ્રવાસે જતા મુસાફરોને સીધો લાભ મળી શકે તેમ છે.

અમરેલી એસ.ટી. ડિવિઝનના અધિકારીઓ મુસાફરોની વાસ્તવિક જરૂરિયાતને ધ્યાને લઈ તાત્કાલિક ધોરણે અમરેલી-ચિતલ રેલવે સ્ટેશન સુધીની સીધી બસ સેવા શરૂ કરવી જોઈએ, તેવી લોકમાંગ ઉગ્ર બની રહી છે. રેલવે સુવિધા શરૂ થઈ છે ત્યારે તેને જોડતી એસ.ટી. સેવા શરૂ કરવામાં વિલંબ કરવો એ મુસાફરોની સુવિધા સાથે અન્યાય સમાન હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

અમરેલી શહેરમાં બ્રોડગેજ રેલવે સેવા ક્યારે શરૂ થશે તે હજુ અનિશ્ચિત છે. ત્યાંરે ચિતલ રેલવે સ્ટેશન અમરેલીવાસીઓ માટે મહત્વનું રેલવે કનેક્ટિવિટી પોઈન્ટ બની રહેવાનું છે. તેથી અમરેલી-ચિતલ રેલવે સ્ટેશન સુધીની સીધી એસ.ટી. બસ સેવા હવે વૈકલ્પિક નહીં, પરંતુ સમયની તાતી જરૂરિયાત છે, અને એસ.ટી. તંત્રએ આ અંગે તાત્કાલિક નિર્ણય લેવો જોઈએ તેવી માંગ ઉઠી છે.

# ઉઘાડપગા ડોકટરોની જેમ ડિગ્રી વગર કામ કરતા નર્સિંગ સ્ટાફ સામે પણ પગલા લો

## જવાબદારો સામે કાર્યવાહી કરવા સ્થાનિક આગેવાનની આરોગ્ય અધિકારીને રજૂઆત

અમરેલી:
અમરેલી જિલ્લામાં પોલીસ અને આરોગ્ય અધિકારી દ્વારા જન આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરનાર ઉઘાડપગા ડોક્ટર સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે તેવીજ રીતે હોસ્પિટલોમાં લાયકાત વગરના નર્સિંગ સ્ટાફ દ્વારા કરવામાં આવતી સારવાર અંગે તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા આરોગ્ય અધિકારીને સ્થાનિક આગેવાન દ્વારા રજૂઆત કરાઈ છે.

અમરેલી જિલ્લા કોંગ્રેસ ઓબીસી સેલના પ્રમુખ વિજય ઝાપડિયા દ્વારા આ રજૂઆત કરાય છે. ખાનગી હોસ્પિટલોમાં ઉઘાડપગા નર્સિંગ સ્ટાફ દ્વારા કરવામાં આવતી દર્દીની સારવારથી દર્દીના જીવન સાથે ખુલ્લેઆમ ચેડા થઈ રહ્યા છે.

લાયકાત વગરના નર્સિંગ સ્ટાફની ચકાસણી કરવા, ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં થયેલ રજિસ્ટ્રેશનની ચકાસણી કરવા, લાયકાત અને રજીસ્ટ્રેશન વગર દર્દીની સારવાર કરનાર નર્સિંગ સ્ટાફ સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે.

સાથો સાથ તપાસ દરમ્યાન સરકારના નિયમોનું ઉલ્લઘન કરી દર્દીની સારવાર સાથે કરવામાં આવતા ચેડા અંગે હોસ્પિટલ સામે પગલા ભરવામાં આવે તેવી રજૂઆતમાં માંગ કરાઈ છે. ઉઘાડપગા ડોક્ટરની જેમ હવે ખાનગી હોસ્પિટલોમાં કથિત ઉઘાડપગા નર્સિંગ સ્ટાફ દ્વારા કરવામાં આવતી સારવાર અંગે દર્દીઓના હિત અને જાહેર આરોગ્ય સુરક્ષાને ધ્યાને લઈ આ અંગે તપાસ કરવા માંગણી કરવામાં આવેલ હતી.

# રાતના અઢી વાગ્યે સોમનાથ મંદિર નજીક ડિમોલિશન!

## દિગ્વિજય દ્વાર પાસે બુલડોઝર ફરી વળ્યું, પોલીસ બંદોબસ્તમાં ૪ દુકાન, ૧ મકાન અને ધાર્મિક સ્થળ જમીનદોસ્ત

ગીર સોમનાથ:
સોમનાથ મંદિર નજીક રાત્રિના અઢી વાગ્યે તંત્ર દ્વારા મેગા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ભારે ચકચાર મચી ગઈ હતી. મંદિરના દિગ્વિજય દ્વાર પાસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કલેક્ટર તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી દીધું હતું. જેમાં દુકાનો, રહેણાંક મકાન તેમજ એક ધાર્મિક સ્થળને દૂર કરવામાં આવ્યું હતું.સોમનાથ કોરિડોર અંતર્ગત રેવન્યુ વિભાગ દ્વારા અગાઉ ખરીદેલી મિલકતોનું આ ડિમોલિશન કરાયું હોવાનો દાવો તંત્ર દ્વારા કરાયો છે. મોડી રાત્રે શરૂ થયેલી આ કાર્યવાહીને પગલે મંદિર નજીકના વિસ્તારમાં પોલીસનો જડબેસલાક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.



કાર્યવાહી દરમિયાન કુલ ૪ દુકાનો, ૧ રહેણાંક મકાન અને ૧ ધાર્મિક સ્થળ પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. રાત્રિના સમયે અચાનક શરૂ થયેલી આ કામગીરીને કારણે આસપાસના વિસ્તારમાં ભારે ચર્ચાનો વિષય બન્યો હતો.

ડિમોલેશન દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાની રાહબરી હેઠળ વિશાળ પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો.૧ ડીવાયએસપી (DYSP), 3 PI, 6 PSI મળી આશરે ૮૫ પોલીસ કર્મચારીઓ, એલસીબી અને એસઓજીની ટીમોના પોલીસના ચુસ્ત પહેરા વચ્ચે તંત્રના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં ડિમોલિશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય રહી હોવાનું પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું છે.

તંત્રના જણાવ્યા અનુસાર, સોમનાથ કોરિડોરના વિકાસ માટે રેવન્યુ વિભાગ દ્વારા અગાઉ ખરીદ કરવામાં આવેલી મિલકતોને હટાવવાની પ્રક્રિયાના ભાગરૂપે આ પગલું ભરવામાં આવ્યું છે. મંદિર આસપાસના વિસ્તારના વિકાસ અને કોરિડોર પ્રોજેક્ટને વેગ આપવા માટે આ મિલકતો ખાલી કરાવવાની કામગીરી હાથ ધરાઈ છે.રાત્રિના સમયે અચાનક આ પ્રકારે મોટી કાર્યવાહી કરવામાં આવતા સોમનાથમાં આ ડિમોલિશન હાલ મુખ્ય ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. હવે કોરિડોરના આગામી તબક્કામાં તંત્ર દ્વારા અન્ય કઈ મિલકતો સામે કાર્યવાહી કરવામાં આવે છે, તેના પર સ્થાનિકોની મીટ નજર રહેશે.

# જાફરાબાદમાં સગીરા પર દુષ્કર્મ અને ગર્ભપાત

## પોલીસે આરોપી અલ્પેશ વાઘેલાની કરી ધરપકડ; પોક્સો હેઠળ કાર્યવાહી કરી જેલ હવાલે કર્યો

અમરેલી:
અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકામાં એક સગીરા સાથે વારંવાર દુષ્કર્મ ગુજારી તેને ગર્ભવતી બનાવી ગર્ભપાત કરાવવાની અત્યંત આઘાતજનક અને ગંભીર ઘટના સામે આવી છે. આ કેસમાં જાફરાબાદ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને મુખ્ય આરોપી અલ્પેશ વાઘેલાની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી તેને જેલ હવાલે કરી દીધો છે. આ ધૃણાસ્પદ બનાવ અંગે સગીરાના પરિવારે બે દિવસ પહેલા પોલીસ મથકે વિધિવત ફરિયાદ નોંધાવી હતી, જેના પગલે સમગ્ર પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો.




મળતી વિગતો અનુસાર, આ કરૂણ ઘટના જાફરાબાદ તાલુકાના એક ગામના વાડી વિસ્તારમાં બની હતી. આરોપી અલ્પેશ વાઘેલાએ સગીરા સાથે અવારનવાર શારીરિક સંબંધ બાંધી તેનું શોષણ કર્યું હતું. સગીરા ગર્ભવતી બનતાં આરોપીએ તેનો ગર્ભપાત કરાવી દીધો હતો. આ ઉપરાંત, આ બાબતે જો કોઈને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.


આટલા સંવેદનશીલ અને ગંભીર મામલાની તાકીદ જોઈને અમરેલી જિલ્લા પોલીસ વડા જાતે સમગ્ર કેસનું સતત મોનિટરિંગ કરી રહ્યા હતા. તેમની કડક સૂચના બાદ જાફરાબાદ પોલીસ સ્ટેશન ખાતે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તેમજ પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

તપાસ અધિકારી જાફરાબાદ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ પોલીસે પીડિત સગીરાનું વિગતવાર નિવેદન નોંધ્યું હતું. સમગ્ર ઘટનાના તથ્યો અને પુરાવા તપાસ્યા બાદ આરોપી અલ્પેશ બાબુભાઈ વાઘેલાને ઝડપી પાડવામાં આવ્યો હતો.

આ મામલે રાજુલાના DYSP નયના ગોરડીયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, સગીરા સાથે વારંવાર દુષ્કર્મ, ગર્ભ રાખી ગર્ભપાત કરાવવા અને ધમકી આપવાના બનાવની જાણ થતાં જ જાફરાબાદ ટાઉન પોલીસે તાત્કાલિક ધોરણે પગલાં લીધાં હતાં. પોલીસે ટેકનિકલ અને સ્થાનિક બાતમીદારોની મદદથી ગણતરીના કલાકોમાં આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

# ગીર ગઢડામાં સિંહ-સિંહબાળે વરસાદમાં મારણ કર્યું

કૈલેશ ભટ્ટ ઉના:
ગીર ગઢડા તાલુકાના ખિલાવડ ગામની સીમમાં ગત રાત્રે વરસાદી માહોલ વચ્ચે સિંહ અને તેના સિંહબાળે માલઢોરનું મારણ કર્યું હતું. જંગલ વિસ્તાર નજીક આવેલા રેવન્યુ વિસ્તારમાં આ ઘટના બની હતી, જ્યાં સિંહ અને સિંહબાળે ઝરમર વરસાદમાં ભોજન લીધું હતું. આ દરમિયાન એક અનોખું દૃશ્ય જોવા મળ્યું હતું, જેમાં સિંહબાળ સિંહની પીઠ પર બેસીને વરસાદ તરફ જોઈ રહ્યું હતું. આ દૃશ્યને કેટલાક સિંહપ્રેમીઓએ પોતાના



મોબાઈલ કેમેરામાં કેદ કર્યું હતું. ખિલાવડ અને ઈંટવાય સહિતના જંગલ બોર્ડર નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી સિંહોની અવરજવર વધી છે. ખાસ કરીને ચોમાસાની સિઝનમાં સિંહો જંગલ વિસ્તારની બહાર રેવન્યુ અને ગ્રામ્ય વિસ્તારો તેમજ રસ્તાઓ પર પણ જોવા મળે છે. આ ઉપરાંત, ખિલાવડ નજીકના ગુંદાળા ગામમાં પણ એક સિંહણે ખેડૂતની વાડીમાં દુધાળી ગાયનું મારણ કર્યું હોવાના અહેવાલ છે.તેમજ ગત રાત્રી ના સમયે ગીરગઢડા ના પટેલપરા વિસ્તારમાં પણ બે સિંહ ની લટાર રહેણાંક મકાન પાસે જોવા મળી હતી સિંહોની વધતી અવરજવરને કારણે સરહદી વિસ્તારના ખેડૂતો અને ગ્રામજનોમાં ચિંતાનો માહોલ છે. જસાધાર રેન્જ વિસ્તારમાં આશરે ૮૦ સિંહો હોવાનું મનાય છે. સિંહો ઉના અને ગીર ગઢડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પોતાનો વિસ્તાર વધારી રહ્યા હોવાથી વન વિભાગ દ્વારા જંગલ વિસ્તાર ઉપરાંત બોર્ડર નજીકના ગામો અને રેવન્યુ વિસ્તારોમાં સિંહોની વાસ્તવિક સંખ્યા અને અવરજવર અંગે સર્વે કરવો જરૂરી બન્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારી સિંહોની હિલચાલ પર સતત નજર રાખવાથી ભવિષ્યમાં સિંહ-માનવ સંઘર્ષની શક્યતાઓ ઘટાડી શકાય છે અને ખેડૂતો તથા ગ્રામજનોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય છે.

# બગસરાના હડાળા ગામની શેરીમાં ભરબપોરે દીપડાની લટાર, ગ્રામજનોમાં ફફડાટ



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:
અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના હડાળા ગામમાં દીપડાએ દિવસ દરમિયાન માનવ વસાહત વચ્ચે લટાર મારતાં ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ગામની શેરીમાંથી પસાર થયેલો દીપડો નજીકની ઝાડીમાં છુપાઈ ગયો હતો. દીપડાની લટારના દૃશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા, જ્યારે બાદમાં રાત્રિના સમયે હડાળા સ્ટેટ હાઈવે પર પણ દીપડો જોવા મળતાં વાહનચાલકે મોબાઈલ કેમેરામાં વીડિયો ઉતાર્યો હતો.બગસરા તાલુકાના હડાળા ગામમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની અવરજવર જોવા મળી રહી છે. ગઈકાલેદિવસ દરમિયાન ભરબપોરે દીપડો ગામની શેરીમાં લટાર મારતો સી.સી.ટી.વી. જોવા મળતાં સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. નિશાચર ગણાતો દીપડો દિવસના સમયે માનવ વસાહત વચ્ચે આવી પહોંચતાં હડાળા ગામના લોકો દીપડાને જોવા માટે ઉમટી પડ્યા હતા.

દીપડો હડાળા ગામની શેરીમાંથી પસાર થઈ નજીકની ઝાડીમાં છુપાઈ ગયો હતો. માનવ વસાહત વચ્ચે દીપડાની લટારના સમગ્ર દૃશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા. દિવસ દરમિયાન ગામમાં દીપડો દેખાયા બાદ રાત્રિના સમયે હડાળા સ્ટેટ હાઈવે પર પણ દીપડો જોવા મળ્યો હતો. હડાળા ગામનાં સ્ટેટ હાઈવે પરથી પસાર થઈ રહેલા એક વાહનચાલકે દીપડાને મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધો હતો. દીપડાની લટારનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં હડાળા ગામ અને આસપાસના વિસ્તારમાં દહેશતનો માહોલ જોવા મળી રહ્યો છે.